# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*************************************************

1. દેશભરના 45 સ્થળોએ યોજાયેલા 18મા રોજગાર મેળામાં પ્રધાનમંત્રીએ 61 હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, સરકાર દેશ અને વિદેશમાં યુવાનો માટે નવી તકો ઊભી કરવા માટે પ્રયત્નશીલ
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે
4. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીએ જમાત-એ-ઇસ્લામીને બાંગ્લાદેશની રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાવ્યો
5. સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદે ઈરાનમાં માનવ અધિકારોના ઉલ્લંઘનની ટિકા કરી.

,,..................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# REV. PM ROZGAR MELO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે સરકાર દેશ અને વિદેશમાં યુવાનો માટે નવી તકો ઊભી કરવા માટે પ્રયાસો કરી રહી છે. તેમણે કહ્યું કે, ભારત અનેક દેશો સાથે વેપાર, ગતિશીલતા કરારો પર હસ્તાક્ષર કરી રહ્યું છે જે દેશના કુશળ યુવાનો માટે તકો પ્રદાન કરે છે. પ્રધાનમંત્રીએ આજે નવી દિલ્હીથી 18મા રાષ્ટ્રીય રોજગાર મેળાને વર્ચ્યુઅલી સંબોધન કરતી વખતે આ વાત કહી હતી.

## <u>બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી F-PM--TRADE-AGREEMENT</u>

દેશની મજબૂત અર્થવ્યવસ્થા પર પ્રકાશ પાડતા, શ્રી મોદીએ કહ્યું કે તે વિશ્વનું એકમાત્ર અર્થતંત્ર છે જેણે એક દાયકામાં તેનો GDP બમણો કર્યો છે.

## <u>બાઇટ- નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી - PM-MODI-ON-FDI</u>

૨૪ જાન્યુઆરીના મહત્વ વિશે વાત કરતાં, શ્રી મોદીએ કહ્યું કે, આ એ દિવસ છે જ્યારે બંધારણે જન ગણ મનને રાષ્ટ્રગાન તરીકે અને વંદે માતરમને રાષ્ટ્રીય ગીત તરીકે માન્યતા આપી હતી. રોજગાર મેળા વિશે વાત કરતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે, રોજગાર મેળો એક સંસ્થા બની ગયો છે અને લાખો યુવાનોને અત્યાર સુધીમાં વિવિધ સરકારી વિભાગો તરફથી નિમણૂક પત્રો મળી ચૂક્યા છે. તેમણે ઉમેર્યું હતુંકે દેશ વિકસિત ભારતના સર્જન માટે કટિબધ્ધ છે.

## બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી - PM--VIKSIT-BHARAT

આ કાર્યક્રમ દરમિયાન, રોજગાર મેળા પહેલ હેઠળ વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં ૬૧ હજારથી વધુ નવા ભરતી થયેલા યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૧૮મો રોજગાર મેળો દેશભરમાં ૪૫ સ્થળોએ યોજવામાં આવ્યો હતો. નવા ભરતી થયેલા ઉમેદવારો વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં જોડાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## WEF-SKILL ACCELERATOR

**વર્લ્ડ ઇકોનોમિક ફોરમે જણાવ્યું છે કે ભારતમાં એક નવા સ્કિલ એક્સિલરેટરના લોન્ચથી 45 રાષ્ટ્રીય એક્સિલરેટર્સના વૈશ્વિક નેટવર્કને મજબૂત બનાવવામાં આવ્યું છે જેથી લગભગ 15 મિલિયન લોકોને ફાયદો થશે.**

**સ્વિટ્ઝર્લૅન્ડના દાવોસ-ક્લોસ્ટર્સમાં તેની 56મી વાર્ષિક બેઠકના સમાપન પર, વર્લ્ડ ઇકોનોમિક ફોરમે જાહેરાત કરી હતી કે ઇન્ડિયા એક્સિલરેટર સમાન કૌશલ્યમાં અવરોધોને દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.**

કાર્યબળ કૌશલ્ય વિકાસમાં રોકાણ કરવા માટે મુખ્ય વૈશ્વિક પ્રતિબદ્ધતાઓની જાહેરાત કરતા, ફોરમે જણાવ્યું હતું કે, આ એક્સિલરેટર્સ રોજગાર, કૌશલ્ય વિકાસ અને સમાવિષ્ટ આર્થિક વિકાસ પર દેશ-વિશિષ્ટ કાર્યવાહીમાં વૈશ્વિક આંતરદૃષ્ટિના ભાષાંતર માટે સરકારો, વ્યવસાયો અને નાગરિક સમાજને એક મંચ પર લાવશે

સમગ્ર વૈશ્વિક નેટવર્કમાં, રાષ્ટ્રીય પહેલો નવી અર્થવ્યવસ્થા માટે કૌશલ્ય વિકસાવવા પર કેન્દ્રિત છે, જેમાં માનવ-કેન્દ્રિત ક્ષમતાઓ, કૃત્રિમ બુદ્ધિ અને ડિજિટલ તકનીકો, ટકાઉપણું, વેપાર, વ્યાવસાયિક માર્ગો અને મુખ્ય વ્યવસાય મૂળભૂત બાબતોનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ **130**મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..............

## PM-PREZ.-HM-UP FOUNDATION DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ,પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે આજે ઉત્તર પ્રદેશના લોકોને રાજ્ય સ્થાપના દિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે, ભવ્ય ઇતિહાસ અને સમૃદ્ધ સંસ્કૃતિની ભૂમિ ઉત્તર પ્રદેશ ભારતની વિકાસ યાત્રામાં એક મજબૂત સ્તંભ રહી છે. રાષ્ટ્રપતિ મુર્મુએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ઉત્તર પ્રદેશ સતત પ્રગતિના માર્ગ પર આગળ વધતું રહેશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ઉત્તર પ્રદેશના નાગરિકોએ દેશની સંસ્કૃતિ અને વારસાની સમૃદ્ધિમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. શ્રી મોદીએ કહ્યું કે લોકોના સમર્પણ અને ડબલ-એન્જિન સરકાર દ્વારા, રાજ્ય છેલ્લા નવ વર્ષમાં અનુકરણીય પ્રાંત બન્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, સનાતન સંસ્કૃતિના સમૃદ્ધ વારસા અને ગંગા-યમુના નદીની પવિત્ર ભૂમિથી સંવર્ધિત, ઉત્તર પ્રદેશે રાષ્ટ્રને સંસ્કૃતિ, ભક્તિ, શક્તિ અને સંકલ્પના માર્ગ પર સતત આગળ ધપાવ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## PM-HM -KARPOORI-THAKUR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગુહમંત્રી અમિત શાહે ભારત રત્ન કર્પૂરી ઠાકુરને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કર્પૂરી ઠાકુરના સમાજના શોષિત,વંચિત અને નબળા વર્ગના ઉત્થાનમાં યોગદાનને યાદ કર્યું. તેમણે કહ્યું કે કર્પૂરી ઠાકુરની સાદગી અને જાહેર સેવા પ્રત્યેનું સમર્પણ હંમેશા એક ઉદાહરણ રહેશે.

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે કર્પૂરી ઠાકુરને સામાજિક ન્યાયના પ્રણેતા ગણાવ્યા.

. . . . . . . . . . . . . . . . . . . . .

## NATIONAL GIRL CHILD DAY

આજે દેશભરમાં રાષ્ટ્રીય કન્યા દિવસ ઉજવવામાં આવી રહ્યો છે, જેમાં છોકરીઓના અધિકારો, શિક્ષણ, આરોગ્ય, પોષણ અને સુખાકારી પર ભાર મૂકવામાં આવે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે છોકરીઓ ફક્ત એક જવાબદારી નથી, પરંતુ

રાષ્ટ્રનિર્માણમાં એક અમૂલ્ય શક્તિનું પ્રતિનિધિત્વ કરે છે કારણ કે મહિલાઓ દેશની પ્રગતિનું નેતૃત્વ કરી રહી છે.

દર વર્ષે 24 જાન્યુઆરીએ ઉજવવામાં આવતો આ દિવસ લિંગ ભેદભાવ વિશે જાગૃતિ લાવવા, સમાન તકોને પ્રોત્સાહન આપવા અને છોકરીઓ મજબૂત નાગરિક તરીકે વિકાસ કરી શકે તેવું વાતાવરણ બનાવવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરે છે.

આ દિવસ 22 જાન્યુઆરી, 2015 ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલ બેટી બચાવો, બેટી પઢાઓ યોજનાની વર્ષગાંઠને પણ ચિહ્નિત કરે છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલ, રાષ્ટ્રીય કન્યા બાળ દિવસ સૌપ્રથમ 2008 માં ભારતમાં ઉજવવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . .

## BANGLADESH-SECURITY

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના સેક્રેટરી જનરલ મિર્ઝા ફખરુલે જમાત-એ-ઇસ્લામીને બાંગ્લાદેશની રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાવ્યો છે, જેમાં તેમણે 1971 ના મુક્તિ યુદ્ધના વિરોધનો ઉલ્લેખ કર્યો છે.

ઠાકુરગાંવમાં એક ચૂંટણી રેલીમાં બોલતા, ફખરુલે કહ્યું કે દેશ એવી શક્તિઓના હાથમાં સુરક્ષિત રહી શકે નહીં જે બાંગ્લાદેશનો જન્મ ઇચ્છતી ન હતી. "મુક્તિ યુદ્ધ દરમિયાન, જમાતે અનેક લોકોને મૃત્યુના આરે ધકેલી દીધા હતા.

તેઓએ અમારી માતાઓ અને બહેનોનું અપમાન કર્યું," ઠાકુરગાંવ-1 મતવિસ્તારમાંથી ચૂંટણી લડતા, BNP નેતાએ કહ્યું કે તેમનો પક્ષ સ્વતંત્રતાની ભાવના પ્રત્યે પ્રતિબદ્ધ રાજકીય બળ છે અને રાષ્ટ્રીય વિકાસ માટે વ્યાપકપણે કાર્ય કર્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# ICG- BOAT APPREHENSION

ભારતીય કોસ્ટ ગાર્ડે બાંગ્લાદેશથી ભારતમાં સોપારીની દાણચોરીમાં સંડોવાયેલી એક માછીમારી બોટ પકડી પાડી છે. આ દરમિયાન, પશ્ચિમ બંગાળના ICG સ્ટેશન ફ્રેઝરગંજ ખાતેથી 50 કિલોગ્રામ વજનની 52 બેગ સોપારી મળી આવી, જેમાં કુલ 2,600 કિલોગ્રામ જપ્ત કરવામાં આવી.

ICGએ જણાવ્યું હતું કે, ગુપ્ત માહિતીના આધારે, તેની બોર્ડિંગ ટીમને તાત્કાલિક જ્યાં ત્યજી દેવાયેલી ભારતીય માછીમારી બોટ (IFB) લક્ષ્મીનારાયણ સ્થિત હતી અને જપ્ત કરવામાં આવી હતી. તે સ્થાન પર

તૈનાત કરવામાં આવી હતી..જપ્ત કરાયેલા પ્રતિબંધિત માલ સાથે બોટને વધુ કાનૂની કાર્યવાહી માટે કોસ્ટલ પોલીસ સ્ટેશન, ફ્રેઝરગંજને સોંપવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## UNHRC--IRAN

સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદે ઈરાનમાં માનવ અધિકારોના ઉલ્લંઘનની ટિકા કરી છે અને સરકાર વિરોધી પ્રદર્શનો પર કડક કાર્યવાહીની તપાસનો આદેશ આપ્યો છે, જેના કારણે હજારો લોકો માર્યા ગયા છે.

જીનીવામાં સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદના કટોકટી સત્ર દરમિયાન, હાઈ કમિશનર વોલ્કર તુર્કે ધરપકડ કરાયેલાઓ પ્રત્યે ચિંતા વ્યક્ત કરી અને ઈરાની અધિકારીઓને ક્રૂર દમન પર પુનર્વિચાર, પીછેહઠ કરવા વિનંતી કરી.

તેમણે અહેવાલ આપ્યો કે 8 જાન્યુઆરીએ કડક કાર્યવાહી વધુ તીવ્ર બની હતી, સુરક્ષા દળોએ વિરોધીઓ પર ગોળીબાર કર્યો હતો, જેમાં બાળકો સહિત હજારો લોકો માર્યા ગયા હતા.

. . . . . . . . . . . . . . . . . . . .

## PREZ-GRANTH KUTIR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે રાષ્ટ્રપતિ ભવન ખાતે ગ્રંથ કુટીરનું ઉદ્ઘાટન કર્યું હતું. આ ગ્રંથ કુટીર ખાતે ૧૧ ભારતીય શાસ્ત્રીય ભાષાઓમાં લગભગ ૫૦ હસ્તપ્રતો અને બે હજાર ત્રણસો પુસ્તકોનો સંગ્રહ છે.જેમાં મહાકાવ્યો, ભાષાશાસ્ત્ર, ઇતિહાસ, શાસન, વિજ્ઞાન તેમજ ભારતના બંધારણ જેવા વિવિધ વિષયોનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે સંબોધન કરતાં રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે, આ ગ્રંથ કુટીર ભારતની શાસ્ત્રીય ભાષાઓના સંરક્ષણ અને સંવર્ધન તરફ રાષ્ટ્રપતિ ભવનના સામૂહિક પ્રયાસનો એક ભાગ છે.

આ કુટીર વિકસાવવાનો ઉદ્દેશ્ય વિવિધતામાં એકતાની ભાવનાને પ્રોત્સાહન આપતી વખતે ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક અને સાહિત્યિક વારસા વિશે નાગરિકોમાં જાગૃતિ લાવવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . .